# ‘નિયાંપો’

**શ્રી કચ્છી મિત્ર મંડળ**
**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૨૧ અંક : ૨૭૦



પ્રમુખ
**કીર્તિકુમાર ટોકરશી કાપડિયા**
મો. ૯૩૯૧૦ ૧૨૯૬૯

માનદ્ મંત્રી
**પંકજ હિરજી સાવલા**
મો. ૯૮૪૯૭ ૪૭૬૨૫

સંપાદકો
**દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

**રમેશ મણીલાલ શાહ**
ફોન. ૨૪૭૫ ૧૮૭૫,
મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

કાર્યાલય
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઈડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોનઃ ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪૨૩૮૩
email : hydkmm@gmail.com

મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
email :chandraprabhagraphics@gmail.com


કિંમત - રૂ. ૧/-


“નિયાંપો” માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.




## પ્રમુખશ્રીનો સંદેશ

કીર્તિકુમાર ટોકરશી કાપડિયા

જયજીનેન્દ્ર....

હૈદ્રાબાદના હવામાનમાં બહુ ઝડપી બદલાવ આવી ગયેલ છે. આ વર્ષે ઠંડી તો નામની જ હતી અને તે પણ ઉતરી ગયેલ છે. આશા રાખીએ કે ઉનાળાની ગરમી સહ્ય રહે અને પાણીની તકલિફ ન રહે.

કેંદ્રનું બજેટ ૨૦૧૮, ફાઈનાન્સ મિનિસ્ટરે હાલમાંજ પાર્લામેન્ટમાં રજુ કરેલ. ખેડુત, યુવા, સિનિયર સીટીઝન, ઉદ્યોગો હેલ્થ કેર, રેલ્વે અને નોકરી કરતો વર્ગ, ઈત્યાદી બધાય ક્ષેત્રોને બજેટ આવરી લે છે. બજેટ જનતા માટે ફાયદાકારક છે કે નહીં તેના પ્રત્યાઘાત અલગ અલગ આવેલ છે. વિરોધ પક્ષને તો આમાં ઘણી ખામીઓ જણાય છે અને તે કૃષિ વિરોધી અને મિડલ કલાસને કોઈ ફાયદો નથી કરતો, તેવા સ્ટેટમેન્ટ આપે છે. સત્તાધારી પક્ષ તેને બેસ્ટ બજેટ કહે છે. આપણે ખબર નથી પડતી કે આ બજેટ આપણા માટે સારું છે કે નહીં ? સમય જતા કદાચ આપણને જણાશે કે હકિકતમાં આપણને શું ફાયદો થયો !

માવજત સમિતિ તથા શ્રી ડુંગરશી રવજી મારૂ ચેરીટેબલ ટ્રસ્ટ મળીને કાર્ડિયાક અને જનરલ મેડિકલ કેમ્પનું આયોજન તા. ૨૫-૨-૨૦૧૮ ના કરી રહી છે. આપણી હેલ્થનું સમયસર ચેકઅપ કરાવતા રહેવું આજના સમયમાં અત્યંત જરૂરી છે જેથી આપણે સાવચેત રહી શકીએ. આ કેમ્પમાં વદારેમાં વધારે સભ્યો ભાગ લે એવી આશા.

## આ માસની ડાયરી

૧) ૨૫-૦૨-૨૦૧૮ શ્રી કચ્છી મિત્ર મંડળ અને શ્રી ડુંગરશી રવજી મારૂ ચેરિટેબલ ટ્રસ્ટ આયોજીત કાર્ડિયાક અને જનરલ હેલ્થ ચેકઅપ કેમ્પ (રજીસ્ટ્રેશન તા. ૧૮-૨-૨૦૧૮)

# સંપાદકીય

દર્શના દિનેશ દેઢિયા
રમેશ મણીલાલ શાહ

જય જિનેન્દ્ર,

થોડા વખત પહેલા એક શો માં 'અનિશ્ચિતતા' વિશે સાંભળ્યું હતુ. જીંદગી એટલેજ અનિશ્ચિતતા, કારણ મૃત્યુ તો નિશ્ચિત જ છે. જે નક્કી છે તેમાં આપણને કોઈ ઉત્સુક્તાજ નથી લાગતી. દા.ત રોજ નાસ્તામાં પૌંઆ જ મળવાના હોય તો નાસ્તાના ટેબલ પાસે જવાની ઉત્સુકતા જ નહીં રહે. કારણ કે ખબર છે પૌંઆ જ મળવાના છે. પણ... પણ જો નાસ્તામાં શું મળશે તે નક્કિ ન હોય તો ? બેસતા પહેલા શું મળશે તેનો વિચાર આવશે અને આવ્યા પછી ગમો ને અણગમો પણ રહેશે અને એની મઝા પણ એટલીજ રહેશે. આ તો એક સામાન્ય દાખલો હતો. તેવીજ રીતે જીવવામાં પણ ખુશી કે આનંદ ત્યારેજ આવશે જ્યારે નવા દિવસે નવી વાત હશે, નવો અનુભવ હશે. વિવિધતા હશે તોજ ક્રિયેટિવિટી વધશે. હમેશા જ જો કામયાબ રહેશો કે રહેવાનું વિચારશો તો એ કામયાબીની ખુશી વધારે લાંબી ટકી નહીં શકે.

માટે જ અનિશ્ચિતતા હોવી જરૂરી છે. એજ જીવનને ટેસ્ટી બનાવશે. નવા નવા ટેસ્ટ નવા નવા અનુભવ. એટલેકે મસાલેદાર જીવન કોઈ એક દિવસ, બીજા દિવસ જેવો નહીં. 'જેવો બોલ તેવી બેટીંગ'.

આ અનિશ્ચિતતા ને ખરેખર અનુભવવી હોયતો પોતા ઉપર નિયંત્રણ હોવું પણ એટલુંજ જરૂરી. તે માટે જરૂરી છે પુરતી ઉંઘ, એક્સરસાઈઝ, ધ્યાન ઈત્યાદી.

તો ચાલો લાગી જાઓ કામે, "Do the best and Leave the Rest".

૨૬મી જાન્યુઆરી ૨૦૧૮ પ્રજાસત્તાક દિવસે શાંતિ પ્રાયમરી સ્કુલમાં બાળકોનો પ્રાસંગિક કાર્યક્રમ હતો. બાળકોની વેશ ભુષા તેમજ આપણા દેશના બંધારણમાં જનતા માટેના મૂળભુત અધિકાર વિશેની માહિતી જે સરળતાથી બાળકોએ રજુ કરી તે ખરેખર પ્રભાવશાળી રીતે હતી. બાળકોને તેમજ ટીચરોને અભિનંદન.

નિયાપોના 'વિવિધા' વિભાગમાં મેમ્બરોએ મોકલાવેલ અલગ અલગ વિષયો ઉપર લખાયેલ લેખો અમે દર મહિને પ્રકાશિત કરીએ છીએ. આપના મનમાં કોઈને કોઈ વિષય ઉપર મૌલિક વિચારો આવતા જ હશે, પણ તે આપ આપના મનમાંજ રહેવા દેતા હશો. અમારું નિવેદન છે કે આપ આપના વિચારોને શબ્દોમાં ઉતારી લેખ રૂપે મોકલાવશો. અમે યોગ્ય લેખનો વિવિધામાં સમાવેશ જરૂરથી કરશું. તો ચાલો કલમ ઉપાડોને તમારા વિચારોને શબ્દ રૂપે મોકલાવો.

**નોંધ : જાહેર ખબરો, મેટરો ઈત્યાદી મેમ્બરો લેટ મોકલાવે છે. જેથી 'નિયાપો' ને છાપવામાં અને પ્રકાશિત કરવામાં લેટ થઈ જાય છે. સૌને ખાસ વિનંતી કે જે મેટર નિયાપોમાં છાપવાની હોય તે આગલા મહિનાની ૩૦ તારિખ પહેલા મોકલાવી આપે. ૩૦ તારિખ પછી જાહેર ખબર કે મેટર આવશે તો તે બીજા મહિનાના નિયાપોમાં આવશે જેની નોંધ લેશો.**



## માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

પંકજ હીરજી સાવલા
૯૮૪૯૭૪૭૬૨૫

કેન્દ્રીય બજેટ મંદીના માહોલમાં રજુ થયેલ. આશા કરીયે, મધ્યમવર્ગીય વ્યાપારીઓ માટે આ વર્ષ ફાયદામય રહે.

જાન્યુઆરી માસ વિવિધ કાર્યો અને કાર્યક્રમોથી પસાર થવા પામ્યો છે.

તા. ૨૧–૦૧–૨૦૧૮ મનોરંજન અને મહીલા સમિતિ દ્વારા એક સંયુક્ત કાર્યક્રમ રજુ કરવામાં આવેલ. જે અત્યંત સફળ રહેલ. એક વર્ષ થી ૭૦ વર્ષ સુધીના આપણા ટેલેન્ટેડ મેમ્બરો દ્વારા વિવિધ રજુઆતથી કાર્યક્રમ દિપી ઉઠ્યો, સંચાલક શ્રી પ્રતાપભાઈ જાડેજા અને શ્રીમતી દર્શના સાવલા ને અભિનંદન. તા. ૨૬–૧–૨૦૧૮ નાં પ્રજાસત્તાક દિવસ નિમિત્તે શાન્તિ પ્રાયમરી સ્કુલ પ્રાંગણમાં ધ્વજારોહણ કાર્યક્રમ યોજવામાં આવેલ. ધ્વજવંદન પ્રમુખ શ્રી કિર્તીભાઈ કાપડીયાના વરદહસ્તે કરવામાં આવેલ. સ્કુલની પ્રગતિ નીરંતર સારી રહેવા પામેલ છે. સંચાલક શ્રી હેમાંગભાઈ મોમાયાને અભિનંદન.

માનવ મિત્ર દ્વારા પ્રજાસત્તાક દિવસના ઉપલક્ષ્યમાં ધ્વજવંદન અને સાંસ્કૃતિક કાર્યક્રમ સાધના ઈન્સ્ટીટ્યુટ ઑફ મેન્ટલી હેન્ડીકેપ (આશ્રમ)માં કરવામાં આવેલ. ધ્વજવંદન પ્રમુખ શ્રી કિર્તીભાઈ કાપડીયા દ્વારા કરવામાં આવેલ, આપણી સંસ્થા દ્વારા આશ્રમને રૂ. ૧૧૦૦૦/–નું અનુદાન આપવામાં આવેલ.

શાંતિવન સમિતિ દ્વારા ૨૬ જાન્યુઆરીના દિવસે એક નાટકની રજુઆત મોટા સ્ક્રીન પર કરવામાં આવેલ. સંચાલક શ્રી હંસકુમાર સાયલાના પ્રયત્નનોમાં હમેશા આપણા વડીલો સાથ સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવતા આવી રહેલ છે.

ભવન મેનટેનન્સ સમિતિ દ્વારા આ માસ દરમ્યાન દિપક હોલ મધ્યે કલરનું કાર્ય, ફ્લોરીંગ પોલીશીંગ, એરકુલર ડકટીંગ અને કવરનું કાર્ય, સાઈડ હોલ અને મેન હોલ દરવાજા રીપેરીંગનું કાર્ય કરવામાં આવેલ છે.

ભવન બુકીંગમાં વધારો કરવાના પ્રયત્ન સતત ચાલુ છે આ માટે 'હીન્દી મિલાપ' પેપરમાં આઠ જાહેરાતો આપવામાં આવેલ છે. જેમાંથી ૪ જાહેરાતોનાં ખર્ચ ઈલેક્ટ્રીકલ કોન્ટ્રેક્ટર પુષ્પાંજલી ઈલેક્ટ્રીક દ્વારા પ્રાપ્ત થયેલ છે, તે બદલ એમનો આભાર.

હેલ્થ કેર સમિતિ દ્વારા એક મેડીકલ ચેકઅપ કેમ્પ તા. ૨૫–૨–૨૦૧૮ ના દિવસે આયોજન કરવામાં આવેલ છે. આપ સૌ આ કેમ્પનો લાભ લેશો.

દરેક સમિતિ સંચાલક, કાર્યકરો ના સાથ અને સહકારથી પોતાનું કાર્ય સુચારૂ રૂપ થી પુર્ણ કરતા રહ્યા છે અને દરેક કાર્યમાં આપણા મેમ્બરો તરફથી સહયોગ પ્રાપ્ત થતુ રહ્યું છે. દરેક કાર્યક્રમોમાં સાથ આપી રહેલ દાતાઓનો આભાર.

## જીવન ચક્ર

| | | | |
|---|---|---|---|
| **સગપણ** | ચિ. પુજા, શ્રીમતી મીતા મહેન્દ્ર તલકશીભાઈ પાસડ | શેરડી | હૈદરાબાદ |
| | ચિ. નયન, શ્રીમતી શીલા પંકજ મંગલભાઈ છેડા | શેરડી | સાંગલી |
| **શુભ લગ્ન** | ચિ. પૂજન પરેશ સાંઈયા | બેરાજા | |
| | ચિ. ઉર્વી હરખચંદ ગડા | મોટા રતડિયા | કરાડ |
| Change of Ph | મણીલાલ રામજી ધરોડ, અખંડદિપ (કુમાર શર્ટ) | ૪૦૦૨ ૧૦૪૮, ૪૮૫૨ ૯૬૮૦ | |

# માનવ મિત્ર સમિતિ

સંચાલક : હરિલાલ ભીમશી સાવલા

પ્રતિવર્ષની જેમ તા. ૨૬–૧–૨૦૧૮ ના ગણતંત્ર દિવસે માનવમિત્ર સમિતિએ તથા મૂઠીભર અનાજ યોજનાના વોલીન્ટરો સાથે સાધના ઈન્સ્ટીટ્યુટ ઑફ મેન્ટલી હેન્ડીકેપ, (આશ્રમ) નાચારામ–હૈદરાબાદ મધ્યે ધ્વજવંદનના કાર્યક્રમનું આયોજન સવારના ૧૦.૦૦ કલાકે કરેલ. આપણા સમાજના પ્રમુખશ્રી કીર્તીકુમાર કાપડીયા ના વરદ હસ્તે ધ્વજ વંદન કરવામાં આવેલ. ઉપસ્થિત મંડળના ટ્રસ્ટી, કમીટી સભ્યો તથા મંડળના અન્ય સભ્યો મળીને ૬૦ જણ હાજર હતા. આશ્રમના સંચાલક શ્રી હનુમંતરાવ તથા શિક્ષણગણ તથા બાળકો વૃધ સભ્યો મળી કુલ ૧૫૦ જણ હાજર રહ્યા હતા. આ પ્રસંગે શ્રી કીર્તીકુમાર કાપડીયા તથા શ્રી મધુસુદનરાવે પ્રાસંગીક પ્રવચન આપેલ. આપણા મંડળ તરફથી રૂા. ૧૧૦૦૦/–નું અનુદાનનો ચેક ઉપરોક્ત સંસ્થાને આપણા પ્રમુખશ્રીના હસ્તે અર્પણ કરેલ. આશ્રમના બાળકો તથા મૂઠીભર અનાજ યોજનાના વોલીન્ટરો તરફથી મનોરંજન–ગીત–ડાન્સનો કાર્યક્રમ થયેલ. આ કાર્યક્રમમાં ભાગ લેનાર (મનોરંજન કાર્યક્રમ)ને મોમેન્ટો ધ્વારા પ્રોત્સાહીત કરવામાં આવેલ. આપણા સમાજના સભ્યોએ પણ જરૂરી સાધનનું દાન આપેલ. કુલ્લ ૨૫૦ જણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત હતા. કાર્યક્રમ બાદ સ્વરૂચી ભોજન શ્રી તારા કેટરર્સના શ્રી લક્ષ્મણભાઈએ રાહત દરે કરેલ, તેમનો આભાર. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે દાતાઓ નો ખુબ ખુબ આભાર.

વિશેષમાં જણાવવાનું, આ કાર્યક્રમની જાણ નિયાપો તથા એસ.એમ.એસ દ્વારા આપણા સમાજના સભ્યોને કરેલ. આવા માનવતાના પ્રસંગોમાં આપણા મેમ્બરોની હાજરી નહિવત રહે છે. આપ સૌને વિનંતી કે વધુમાં વધુ સભ્યો આવા માનવ કલ્યાણના કાર્ય માટે આયોજીત કાર્યક્રમમાં હાજર રહે તો કાર્યક્રમ વધુ સફળ રહે.

**મૂઠીભર અનાજ યોજના :** કુલ્લ ૩૨૫ કીલો ચોખા તથા ૨૦ કીલો દાળ પ્રાપ્ત થયા હતા.

## સાધના ઈન્સ્ટીટ્યૂટના કાર્યક્રમમાં નીચે મુજબ દાતા તરફથી મળેલ દાનની વિગત

**સાધન માટે દાતાઓનું નામ**

૧) શ્રીમતી અરૂણા પ્રફુલ્લ ધરોડ
૨) શ્રી ધીરજ જેતશી ધુલ્લા
૩) શ્રીમતી રશ્મિ મૂકેશ ધરોડ
૪) શ્રી મીતેશ જગદીશ ગાલા
૫) શ્રી જયેશ–હિતેન મોનહલાલ ગાલા
૬) શ્રીમતી શાંતાબેન હીરજી સાવલા
૭) શ્રી કુનાલ તારાચંદ હરીયા
૮) શ્રી માનવ સેવા સંઘ
૯) શ્રી હરેશ હેમરાજ દેઢીયા
૧૦) શ્રીમતી રૂક્ષ્મણીબેન પ્રવિણ ગાલા
૧૧) શ્રીમતી વાસંતી અરવિંદ શાહ
૧૨) શ્રી પદમ જેઠાલાલ હરીયા

**ચેક–રોકડા–રકમથી આવેલ દાન**

| | |
|---|---|
| ૧) શ્રી કચ્છી મિત્ર મંડળ | રૂા. ૧૧૦૦૦.૦૦ |
| ૨) શ્રીમતી લતાબેન મણિકાંત મોમાયા | રૂા. ૧૧૦૦૦.૦૦ |
| ૩) શ્રી ટી.એલ. કાપડીયા ચેરીટેબલ ટ્રસ્ટ | રૂા. ૧૧૦૦૦.૦૦ |
| ૪) શ્રીમતી સુલેખાબેન શાહ (શ્રી ચીરાગ માલદેના સાસુજી) | રૂા. ૫૦૦૦.૦૦ |
| ૫) શ્રી પ્રદિપ સંઘવી | રૂા. ૧૦૦૦.૦૦ |
| ૬) શ્રીમતી શિતલ નવિનચંદ મોમાયા | રૂા. ૫૦૦૦.૦૦ |
| ૭) મૂઠીભર અનાજ યોજનાના વોલીન્ટરો તરફથી (મંડળના સભ્યો તરફથી પ્રાપ્ત થયા) | રૂા. ૩૬૦૦૦.૦૦ |

| દાતાઓના નામ | આશ્રમ રૂા. | ગૌશાલા રૂા. એક ઓટો | ડાયાલીસીસ (એક ના રૂ.૫૦૦લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | જીવદયા (કબુતરને ચણ) |
|---|---|---|---|---|---|---|
| શ્રી વાસુદેવ પરમાર | ૫૦૦ | ૫૦૦ | - | - | ૫૦૦ | ૫૦૦ |
| શ્રી આશારીયા માલદે (પુણ્યતીથી નીમીત્તે) | ૫૦૦ | ૫૦૦ | - | - | - | - |
| શ્રી ગાંગજી પી. ગડા | - | ૨૫૦ | - | - | - | ૨૫૦ |
| શ્રી મણિબેન જી. ગડા | - | ૨૫૦ | - | - | - | ૨૫૦ |
| એક સદ્‌ગ્રહસ્થ તરફથી | - | ૫૦૦ | - | - | ૫૦૦ | ૨૦૦ |
| સ્વ. ડુંગરશી મુલજી સાવલાના સ્મરણાર્થે હસ્તે વિજયાબેન ડુંગરશી સાવલા | ૨૦૦૦ | ૨૦૦૦ | ૪ | ૨૦૦૦ | ૨૦૦૦ | ૨૦૦૦ |

સ્વ. ડુંગરશી મુલજી સાવલાના સ્મરણાર્થે, હ. વિજયાબેન ડુંગરશી સાવલા તરફથી માનવ મિત્ર સમિતિને ભેટ-રૂા. ૩૦૦૦

ઉપરોક્ત સર્વે દાતાઓનો ખુબ ખુબ આભાર...

# સંસ્થા સમાચાર

● **શ્રી ભલારા ભક્તિ મંડળ :** પ્રતિ વર્ષાનુસાર શ્રી ભલારાદાદાનો પાઠ તથા પ્રસાદી ચૈત્રી પૂનમ તા. ૩૧–૩–૨૦૧૮ નાં દિવસે સાંજનાં ગોધુલી વેળાએ કચ્છી ભવન મધ્યે રાખવામાં આવેલ છે. આ વર્ષના પ્રસાદી તથા પાકનાં લાભાર્થી માતુશ્રી રાજબાઈ પદમશી મોતા હઃ ગ્રીશ્માબેન ગીરીશ મોતા, ગામ કુઆપદર વાળા તરફથી છે. આ પ્રસંગે ભલારા દાદાને નમતા ભાવીક પરિવારોને સમયસર પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે.

● **શ્રી લોડાયા પરિવારની સચ્ચાઈ માતાજીની પેડી :** પ્રતિ વર્ષાનુસાર સચ્ચાઈ માતાજીને નમતા લોડાયા પરિવારના ભાવિકોની પેડી તથા પ્રસાદી, ભક્તીભાવનાનો કાર્યક્રમ તા. ૨૫–૩–૨૦૧૮ રવિવાર ના કચ્છી ભવન મધ્યે રાખવામાં આવેલ છે. આ પ્રસંગે લોડાયા પરિવારજનો તથા નીયાણી બહેનોને ભાવભર્યું આમંત્રણ છે. આ વર્ષના પ્રસાદીનો લાભ શ્રી વર્ધમાન દેવજી લોડાયા તથા મધુકાન્ત દેવજી લોડાયા પરિવાર તરફથી છે.

● **કચ્છી વિશા ઓસવાલ જૈન સમાજ, હૈદરાબાદ :** પ્રસ્તુત પહેલીવાર ઈન્ટર નેશનલ લક્ઝરીયસ દુબઈ ટુર તા. ૭–૨–૨૦૧૮ થી ૧૬–૨–૨૦૧૮ (આઠ) દિવસ નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સભ્યો તરફથી ખુબજ બહોળો પ્રતિસાદ મળેલ. ટુર માટે ૬૫ જણોએ નામ નોંધાવેલ તેમાંથી વહેલો તે પહેલોનાં ધોરણે ૪૭ નામ કન્ફર્મ થયેલ.

# ભવન મેન્ટેનન્સ સમિતિ

સંચાલકઃ લહેરચંદ ટોકરશી લોડાયા
૯૨૪૬૫ ૩૧૦૬૬

સહર્ષ જણાવવાનું કે જાન્યુઆરી માસમાં વધારે ભવન બુકીંગ ન રહેતા પેન્ડીંગ કાર્યો, જેમકે દીપક હોલ માં કલર તથા ફ્લોર પોલીશનું કાર્ય થયેલ છે. તેની સાથે સાઈડ હોલમા કુલર રીપેરીંગનું કામ પણ થયેલ છે. એ સિવાય મેન હોલ નીચે અને સાઈડ હોલ નીચેનાં દરવાજા રીપેર તથા પોલીશ અને કલરનું કામ ચાલુ છે.

।। કુલદેવી શ્રી સચ્ચા માતાય નમઃ ।।

# ગડા અને રાંભીયા ભાવિકોની પહેડી

સવિનય જણાવવાનું કે ગડા અને રાંભીયા નુખનાં શ્રી સચ્ચા માતાજી ને નમતા સર્વે ભાવિકોની પહેડી રવિવાર તા. ૦૨-૦૩-૨૦૧૮ ના સવારના ૯.૦૦ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે.

આ શુભ પ્રસંગે ગડા અને રાંભીયા નૂખના સર્વે ભાવીકોને સપરિવાર તથા નિયાણી બહેનોને સજોડે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

## કાર્યક્રમ

| | |
|---|---|
| માતાજીનું સામૈયુ તથા સ્થાપના | ૯.૩૦ કલાકે |
| માતાજીના ભજન ગીતની રમઝટ તથા રાસગરબા | ૧૦.૦૦ કલાકથી |
| ગત વર્ષની પહેડીની વિગત તથા અન્ય માહિતી | ૧૨.૦૦ કલાકે |
| માતાજીને પ્રસાદ થાળ જુવારવાનું | ૧૨.૧૫ કલાકે |
| માતાજીની આરતી | ૧૨.૩૯ કલાકે |
| માતાજીની પ્રસાદી (પ્રિતી ભોજ) | ૧.૦૦ કલાકે |

## ગડા અને રાંભીયા ભાવિક સંઘ - હેદરાબાદ

ના જયજિનેન્દ્ર

નોંધ : ૧) કાળા વસ્ત્રો ન પહેરવાની વિનંતી.

૨) ગડા અને રાંભીયા પરિવારની નિયાણી બહેનોને નામ લખાવવા માટે સંપર્ક

રાજેશ ખીમજી ગડા　　પંકજ ચીમનલાલ રાંભીયા

૭૩૨૯૮ ૭૨૫૬૦　　૯૨૪૬૫ ૩૮૬૦૦

**શ્રીફળ લઈ આવવાની પ્રથા બંધ છે.**

(જા.ખ.)

# મનોરંજન સમિતિ
# મહિલા સમિતિ

સંચાલક : પ્રતાપ જીલુભાઈ જાડેજા
ફોન : ૯૯૫૯૯ ૪૪૮૨૨
સંચાલિકા : દર્શના સાવલા
ફોન : ૯૦૩૦૧ ૧૪૫૪૫

**૨૧-૧-૨૦૧૮ ના આયોજીત**

કચ્છી મિત્ર મંડળ **મનોરંજન સમિતિ અને મહિલા સમિતિ** સાથે

મળીને **''એક શામ કચ્છી મિત્ર મંડળ ફેમિલી કે નામ''** પ્રોગ્રામનું આયોજન કરેલ.

જેમાં ૭૦ મેમ્બરોએ ફેન્સી ડ્રેસ, સોલો ડાન્સ, ગ્રુપ ડાન્સ અને પેંર ડાન્સની હરિફાઈમાં ભાગ લીધા હતો.

આ પ્રોગ્રામમાં નાનાથી કરીને મોટા બધી ઉમરનાએ ભાગ લીધો હતો.

લગભગ ૭૦૦ મેમ્બરોએ આ પ્રોગ્રામ માણ્યો. સૌએ પ્રોગ્રામ પછી અલ્પાહારનો લાભ લીધો હતો.

આ પ્રોગ્રામમાં શ્રી મૌલિક ધરમશી અને શ્રી પ્રતાપ જાડેજાએ ગીફ્ટસ સ્પોન્સર કર્યા હતા.

***Team Manoranjan Samiti & Mahila Samiti***

**Pratap Jadeja - Darshana Savla - Sweta Jadeja**
**Karishma Mota - Nisha Kakrecha - Kusum Rambhiya**

---

## સગપણ સેતુ



ઉમેદવારનું પુરૂ નામ **GOURAV JITESH SHAH**
કચ્છમાં ગામ **MUNDRA**
દાદા **DHIRAJLAL DHARAMSHI SHAH**
નાનાણા **BABULAL BHANJI MEHTA** ગામ **HYDERABAD**
જન્મ તા. **13-9-1989**
જન્મ સ્થળ **ROURKELA (ORISSA)**
જન્મ સમય **7.45 PM** હાઈટ **5'9"**
વજન **72 KG** બ્લડ ગ્રુપ **O+**
અભ્યાસ **SOFTWARE ENGINEER**
વ્યવસાય **SERVICE AT ORACLE (HYDERABAD)**
ઈ-મેલ : **GOURAVISHAH@GMAIL.COM**
વિશેષ માહિતી : ............................................................
સંપર્ક નામ : **JITESH D. SHAH** ફોન નં : ૯૦૩૨૫ ૭૨૦૫૭


# MAHAVEER CLINIC
**Run by (Sanchalit)**

**SHRI KUTCHHI MITRA MANDAL**
**KUTCHHI BHAVAN**
**3-5-142, Eden Bagh, Rakote, Hyd-01.**
**Ph : 040-2475 2383**

**ALOPATHIC CLINIC**
**Dr. Mrs. Deepti Bhutya,** M.B.B.S
**Monday to Saturday - 9 am to 11 am**

**AYURVEDIC CLINIC**
**Dr. Meenakshi Agarwal**
Ayurved Bhishak
**Monday to Saturday 10 am to 12 noon**

**HOMEOPATHIC CLINIC**
**Dr. C. Roshna,** B.H.M.S. Osm.
**Monday to Saturday 5 pm to 7 pm**
**SUNDAY HOLIDAY**

# માવજત સમિતિ

સંચાલક : દિર્ગેશ નિસર
ફોન : ૯૩૯૩૩ ૭૯૭૯૭

## Shri Kutchhi Mitra Mandal &
## Shri Dungarshi Ravji Maru Charitable Trust Organising

# CARDIAC & GENERAL HEALTH CHECKUP CAMP

with experienced team of Doctors from MaxCure Hospitals - on Sunday, 25th February 2018
at Kutchhi Bhavan, Ramkote, Hyderabad from 8.30 am

The Eminent team of Doctors will consist of

1) Cardiac Doctor - Dr. Pankaj Jariwala
2) Orthopeadics Doctor - Dr. Sunil Apsingi
3) Gynaecology Doctor - Dr. Sridevi Gutta
4) General Medicine Doctor - DMO

* THERE WILL BE FREE CHECKUP DURING THE CAMP FOR

1) Blood Pressure
2) Random Blood Sugar
3) ECG
4) 2D-Echo
5) BMD-Bone Mineral Density
6) BMI-Body Mass index.

* If Recommended by Doctor following check-up would be done at MaxCure Hospital - Saifabad.

1) CBP-Complete Blood Picture
2) CUE-Complete Urine Examination
3) FBS-Fasting Blood Sugar
4) Blood Grouping & Rh Typing
5) Lipid Profile
6) LFT (Liver Function Test)
7) X-Ray, Chest PA
8) ECG
9) 2D Echo with Doppler
10) TMT (Treadmill Test (upon Doctor's advice)
11) Ultrasound Abdomen & Pelvis
12) HBAIC
13) Pap Smear (For Females above 40 Yrs)
14) Serum Creatinine
15) Blood Urea Nitrogen
16) TSH (Thyroid Stimulating Hormone)
17) PSA (Prostate specific Antigen for Male above 40 Years)

* The actual cost of above tests is Rs. 4675/- We have negotiated with Hospital for Rs. 1500/- Both the organisation will be giving subsidy of Rs. 800/- and will be collecting Rs. 700/- per patient only. Only those patients who are refered for further check up will have to pay the above amount at the camp.
* If suggested the Angio would be done @ Rs. 10,000/- for the patient who gets positive report in 2D Echo & ECG.
* The Registration for the camp will start from 18th February 2018 to 21st February 2018 between 10.00 to 12.00 am by paying Rs. 50/- at KMM Office. Registration will be done for 200 members only on First come first Serve Basis. If the number of 200 persons registration is completed, further registration will be stopped.
* Before the camp there will be a Health talk by Eminent Dr. Pankaj Jariwala.
* The Schedule for Camp
  • 8.30 am to 9.00 am : Breakfast
  • 9.00 am : Inauguration of camp by President Shri Kirti Kapadia
  • 9.10 am : Presentation by Dr. Pankaj Jariwala
  • 10.00 am : Pleasantries to the Team of Maxcure Hospital
  • Camp may continue if required till 4.00 pm

| KIRTI KAPADIA | PANKAJ SAVLA | DIRGESH H. NISHAR |
|---|---|---|
| President KMM | Secretary KMM | Health Care Committee KMM |

# માવજત સમિતિ

સંચાલક : દિર્ગેશ નિસર
ફોન : ૯૩૯૩૩ ૭૯૭૯૭

**શ્રી કચ્છી મિત્ર મંડળ અને શ્રી ડુંગરશી રવજી મારૂ ચેરિટેબલ ટ્રસ્ટ આયોજીત**

## કાર્ડિયાક અને જનરલ હેલ્થ એકચપ કેમ્પ

**રવિવાર તા. ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૮, સમય : ૮.૩૦ સવારે, સ્થળ : શ્રી કચ્છી ભવન**

**મેક્સ ક્યોર હોસ્પિટલના અનુભવી ડોક્ટરોની ટીમ**

૧) કાર્ડિયાક ડોક્ટર – ડૉ. પંકજ જરીવાલા
૨) ઓર્થોપેડિક ડોક્ટર – ડૉ. સુનિલ અપસીંઘી
૩) ગાયનોકોલોજીસ્ટ – ડૉ. શ્રીદેવી ગટ્ટા
૪) જનરલ ફિઝિસિયન – ડી.એમ.ઓ.

**કેમ્પમાં ફ્રી ચેક અપ**

૧) બ્લડ પ્રેસર
૨) રેન્ડમ બ્લડ સુગર
૩) ECG
૪) 2D-Echo
૫) BMD બોન મીનરલ ડેન્સીટી
૬) BMI બોડી માસ ઈન્ડેક્ષ

**ડોક્ટોરોની ભલામણ થશે તો નીચે જણાવેલ ચેક અપ મેક્સ ક્યોર હોસ્પિટલ, સૈફાબાદમાં કરવામાં આવશે.**

1) CBP-Complete Blood Picture
2) CUE-Complete Urine Examination
3) FBS-Fasting Blood Sugar
4) Blood Grouping & Rh Typing
5) Lipid Profile
6) LFT (Live Function Test)
7) X-Ray, Chest PA
8) ECG
9) 2D Echo with Doppler
10) TMT (Treadmill Test (upon Doctor's advice)
11) Ultrasound Abdomen & Pelvis
12) HBAIC
13) Pap Smear (For Females above 40 Yrs)
14) Serum Creatinine
15) Blood Urea Nitrogen
16) TSH (Thyroid Stimulating Hormone)
17) PSA (Prostate specific Antigen for Male above 40 Years)

- આ બધા ટેસ્ટના નોરમલ ચાર્જસ રૂા. ૪૬૭૫/– થાય છે. જે વાટાઘાટ પછી પેશન્ટ દીઠ રૂા. ૧૫૦૦/– નક્કી થયેલ છે. જેમાંથી રૂા. ૭૦૦/– પેશન્ટે આપવા પડશે (અને રૂા. ૮૦૦/– ની સબસીડી બન્ને સંસ્થાઓ ભોગવશે) પેશન્ટોને ભલામણ મુજબ બીજા ટેસ્ટો કરાવવાના થશે તો કેમ્પ સમયે આ રકમ ભરવાની રહેશે.
- 2D Echo અને દવ્વ ના રીપોર્ટ મુજબ જો Angio કરાવવાની ભલામણ કરવામાં આવશે તો તે રૂા. ૧૦,૦૦૦/– માં કરાવી આપવામાં આવશે.
- કેમ્પ માટેનું રજીસ્ટેશન તા. ૧૮–૨–૨૦૧૮ થી શરૂ કરવામાં આવશે જે ૨૧–૨–૨૦૧૮ સુધી રહેશે જે વધારેમાં વધારે ૨૦૦ પેશન્ટો માટે રહેશે. જે મેમ્બર આ કેમ્પ માટે નામ રજીસ્ટર કરાવવા ઈચ્છતા હોય તે કચ્છી ભવનની ઓફિસમાં સવારના ૧૦ થી ૧૨ ની વચ્ચે રૂા. ૫૦/– ભરી (વહેલા તે પહેલા ના ધોરણે) રજીસ્ટર કરાવી લે. (રજિસ્ટ્રેશન પુરૂ થયી જતાં તે વહીલું પણ બંધ કરવામાં આવે).
- કેમ્પ શરૂ થતા પહેલા પ્રસિદ્ધ ડૉ. પંકજ જરીવાલાનું હેલ્થ ઉપર લેક્ચર રહેશે.
- કેમ્પનું કાર્યક્રમ નીચે મુજબ રહેશે.
  સવારના ૮.૩૦ થી ૯.૦૦ : અલ્પાહાર નાસ્તો
  સવારના ૯.૦૦ પ્રમુખ શ્રી કિર્તીભાઈ કાપડિયા હસ્તે કેમ્પનું ઉદ્‌ઘાટન
  સવારના ૯.૧૦ ડૉ. પંકજ જરીવાલાનું બહુમાન
  સવારના ૧૦.૦૦ મેક્સ ક્યોર હોસ્પિટલ ટીમનું અભિવાદન
  સવારના ૧૦.૦૦ થી બપોરના ૨.૦૦ : કેમ્પ (જરૂરત રહેશે તો કેમ્પ સાંજના ૪ વાગ્યા સુધી ચાલુ રહેશે)

| કિર્તી કાપડિયા | પંકજ સાવલા | દિર્ગેશ એચ. નિશર |
|---|---|---|
| પ્રમુખ | સેક્રેટરી | સંચાલક–માવજત સમિતિ |

॥ શ્રી સીરીયલ માતાજીને નમઃ ॥

# સાવલા નુખના ભાવિકોની પહેડી

## ભાવિકો અને નિયાણી બહેનો જોગ

સવિનય જણાવવાનું કે સાવલા નુખના શ્રી સીરીયલ માતાજીને નમતા ભાવિકોની સમૂહ પહેડી તા. ૨૫-૦૨-૨૦૧૮ રવિવારના સવારના ૧૦.૦૦ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે. આ પ્રસંગે નુખના સર્વ ભાવિકો સપરિવાર તથા નિયાણી બહેનોને સજોડે પધારવાનું ભાવભીનું આમંત્રણ છે.

## કાર્યક્રમ

માતાજીનું સામૈયુ તથા સ્થાપના ................................ ૧૦.૩૦ કલાકે

માતાજીના ભજનગીતની રમઝટ તથા રાસ ગરબા ....... ૧૧.૦૦ કલાકે

માતાજીને પ્રસાદ-થાળ જુવારવાનું ............................ ૧૧.૩૦ કલાકે

માતાજીની આરતી ................................................ ૧૨.૦૦ કલાકે

અન્ય માહીતી ...................................................... ૧૨.૩૦ કલાકે

માતાજીની પ્રસાદી (પ્રીતી ભોજન) ............................ ૦૧.૦૦ કલાકે

**પ્રસાદીના લાભાર્થી : સામૂહિક પ્રસાદી સાવલા નુખના ભાવીકો તરફથી**

**લી. સાવલા ભાવિક સંઘ-હૈદ્રાબાદના જયજીનેન્દ્ર**

સંપર્ક

| | | |
|---|---|---|
| પંકજ વલ્લભજી સાવલા | વલ્લભજી મેઘજી સાવલા | પંકજ હીરજી સાવલા |
| ૯૩૯૪૫ ૫૩૧૫૪ | ૬૬૬૨૧૦૯૨ | ૯૮૪૯૭ ૪૭૬૨૫ |

નોંધ : શ્રીફળ પ્રથા બંધ છે.

ભાવિકોને ખાસ વિનંતી કાળા વસ્ત્ર પહેરીને આવવું નહિ.

(હૈ.મ.)

## Shanti PRIMARY SCHOOL

સંચાલકઃ હેમાંગ મણીકાંત મોમાયા
૯૮૮૫૧ ૦૧૦૧૦

We have come to an end of Second Term of the academic year 2017-18 with fair mix of different activities.

The second term started on with Diwali celebrations. A skit was performed by the children of class IV which conveyed the message of Pollution free / Eco- friendly celebration.

Grandparents day was celebrated on 16 th October – a day when the Grandparents recalled their childhood days. It was a day of fun and frolic with interesting and challenging competition for the grandparents which portraied their childish enthusiasm. Salad making competition was also conducted on the same day where the children did an excellent display of colourful salads.

Children's Day gave the teachers an opportunity to reciprocate the love showered on them by the students, by arranging entertainment programme. Fancy Dress competition was held on the same day for all the students.

School conducted its 5 th Science and Art & Craft exhibition on 9 th December. Our Samaj President Sri. Kiritikumar Tokarshi Kapadia inaugurated the exhibition. Hon. Secretary Sri. Pankaj Hirji Savla, Trust Board Rep. Harilal Bhimshi Savla, Committee members -- Sri. Manilal Ramji Dharod, Sri.Sushil Dhirajlal Kapadia, Sri. Keshavji Premji Chheda, Smt.Vasanti Arvind Shah and Smt. Darshana Pankit Savla graced the occasion with their presence.

Students with the help of their parents and teachers made different models based on the topic given to them. Smt. Vasantiben and Smt. Darshnaben judged and declared winners for each class. Parents also participated in the exhibition by having different delicious food stalls.

Children danced to the tune of Jingle bells with Santa Clause on 22 nd December celebrating the eve of Christmas. In order to make travel an integral part of education, the school organized a picnic for students of classes L.K.G. to V to Nehru Zoological Park on 10 th January. It was a day of excitement and enjoyment for them.

Flag hoisting was done by the Committee members of Shri Kutchi Mitra Mandal marking our 69 th Republic Day. A skit was enacted by students of class III to V depicting our Fundamental Rights. The program came to an end by a patriotic dance by class II children which stole the hearts of all present on the occasion.

On the curricular side the academics are going on well and the children are busy preparing for their final exams.

DEEPAK MAVJI DHAROD Cell : 98490 53458

**BHAVANA TOURS & TRAVELS**

RENT A CAR, INDIGO, SWIFT TAVERA, INOVA, TEMPO TRAVELLER & SEMI LUXURY BUSES

DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Address : Near Kachiguda Petrol Pump, Beside Shanti Niketan High School, Kachiguda, Hyd-27

(જા.ખ.)

# કચ્છી વિશા ઓસવાલ જૈન સમાજ,

## હૈદરાબાદ પ્રસ્તુત કરે છે

## મુંબઈમાં સુપર હીટ થયેલ પ્રખ્યાત કચ્છી નાટક

# નમે જ નાર ત થીયે બેડો પાર




તારીખ

૧૧-૩-૨૦૧૮ ને રવિવાર

સમય

સવારનાં ૧૦.૦૦ કલાકે

સ્થળ

ભારતીય વિદ્યા ભવન,

કિંગકોઠી, હૈદરાબાદ

(ન્યુલી રીનોવેટેડ એરકન્ડીશન હોલ)

*ટીકીટનું વેચાણ તા. ૨૫-૨-૨૦૧૮ ને રવિવારનાં દિવસે જીનેશ્વરધામ, કાચીગુડા મધ્યે સવારનાં ૧૦.૦૦ થી ૧૨.૦૦ વાગ્યા સુધી વહેલો તે પહેલોનાં ધોરણે કરવામાં આવશે. ત્યારબાદ નીચે જણાવેલ સ્થળ પર  ટિકિટો મળશે. આ કાર્યક્રમ કચ્છી મિત્ર મંડળના દરેક સભ્ય પરિવાર માટે રહેશે.*

**હરેશ દેઢીયા**

હેપ્પી મોમેન્ટ્સ, જલારામ મંદીરલેન, બડીચાવડી, હૈદરાબાદ

**શ્રી નિતિન શિવજી ધરોડ**
પ્રમુખ

**શ્રી કિરણ ચીમનલાલ રાંભિયા**
માનદ્ મંત્રી

(જા.ખ.)

# શાંતિવન સમિતિ

સંચાલક: હંસકુમાર રાયચંદ સાંયલા
ફોન. ૯૨૪૬૫ ૩૨૫૪૫

શાંતિવન સમિતિના કાર્યક્રમનો સ્વરૂપ હોય છે 'ઘડીભરની નિરાંત' અને એમાં અમારા ઉદ્દેશ્યમાં ખરા ઉતર્યા છીએ. એનો પ્રત્યક્ષ શુક્રવાર તા. ૨૬-૧-૨૦૧૮ પ્રજાસત્તાક દિવસે આયોજીત કોમેડી નાટક ''બસ કર બકુલા'' વેળા થએલ.

પાંચ વાગ્યાથીજ રજીસ્ટ્રેશન કાઉન્ટર ઉપર લાઈન લાગી ગઈ હતી. રજીસ્ટ્રેશન પૂરો થાય ત્યાં સુધી ... 'મેરી પહેચાન' પ્રસારીત થયેલ, ત્યારબાદ કાજલ ઓઝા નું પરિવાર સંબંધી પ્રવચન પ્રસારિત કરવામાં આવેલ. તબલાના તાલ ઉપર રાષ્ટ્રગીત રજુ કરવામાં આવેલ. 'નમામી બ્રહ્મ પુત્ર' ના પ્રસારણ બાદ આવેલ સભાસદોને અવકાર આપવામાં આવેલ. શ્રી મહેંદ્રભાઈ વોરાએ કાર્યક્રમ બાબત અને દાતાઓનું પરિચય કરાવેલ. સહાયક દાતા શ્રી નેમજીભાઈ કાનજી ધરોડ તથા શ્રી અક્ષય નિરંજનભાઈ શાહનું મોમેન્ટો દ્વારા સન્માન કરવામાં આવેલ. ત્યારબાદ નાટકનું પ્રસારણ થયેલ. ત્રણ કલાક સુધી બધા સભાસદો ઓત પ્રોત થઈ નાટક માણેલ. નાટક પૂરો થયા પછી લકી ડીપ કરાવામાં આવેલ. શ્રી ચીમનભાઈ ગાલા, શ્રી પોપટભાઈ છેડા  તથા શ્રી રમેશભાઈ શાહ મળીને ટોટલ ૬ ચીઠીઓ કાઢેલ તેમાં ભારતીબેન ધરોડ, ચંદ્રીકાબેન સાવલા, શ્રી પોપટભાઈ છેડા, નીશા ગાલા, હિરેન મોમાયા (રાજુ પટેલ) લક્કી સાબિત થયા.  તિરંગા પરિધાનમાં શ્રીમતી સરોજબેન ગાલા તથા શ્રીમતી ઊર્મીલાબેન છેડાને ઈનામ પ્રાપ્ત થયેલ. આભાર વિધી થઈ અને આવેલ બધા અલ્પહારનો આનંદ માણી છુટા પડ્યા.

કાર્યક્રમને સફળ બનાવવા શ્રી હિતેનભાઈ સંઘોઈ, શ્રીમતી નીતાબેન માલદેની કલ્પના કામ આવી. ફોટોગ્રાફી નું કાર્ય શ્રી ધીરજભાઈ ધુલ્લાએ સફલતાપૂર્વક નિભાવેલ. કાર્યક્રમ સંચાલનનું કાર્ય શ્રી મહેંદ્રભાઈ વોરાએ પોતાની આગવી શૈલીમાં કરેલ. રજીસ્ટ્રેશન તથા ફુડ કુપનના વિતરણ શ્રી દામજીભાઈ સાવલા તથા સુશીલાબેન સાવલાએ સંભાળેલ. ભારતીબેન ધરોડનો સહકાર રહ્યો. શ્રી અરવીંદભાઈ શાહ તથા હિરેનભાઈ મોમાયા અલ્પાહારની વ્યવસ્થામાં સહાયભુત રહ્યા. અલ્પાહાર સાથે સૌએ કુલ્ફીનો લુપ્ત ઉઠાવેલ.



દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો:
**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)
ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.
નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯
(જા.)

**Flex Banners, Computerised Horoscope, Kundli Match Making, DTP in Hindi, Gujrati, Telugu & English Language, Wedding Cards, Prarthana-Public Notice Advertisements in Leading News papers like Hindi Milap, Vartha, Deccan Chronicle, Eenadu etc.**
Contact : **ATLAS ADVERTISING,** Ridesh Jagirdar - 9849988999
(જા.ખ.)

# સગપણ સેતુ



હાલની સગપણ સમસ્યાને ધ્યાનમાં લઈને નિયાંપોમાં આવતા મહિનેથી મંડળના લગ્નોત્સુક ઉમેદવારો માટે સંક્ષિપ્તમાં બાયોડેટા નિઃશુલ્ક છાપવાનું નક્કી કરેલ છે.

મંડળનાં જે કોઈ સભ્યોને આનો લાભ લેવો હોય તેઓ સાથે આપેલ બોક્ષની પુરી પુરી વિગત મહિનાની ૨૫ તારીખ સુધી મોકલાવી આપતા આગામી અંકમાં છાપવામાં આવશે.

PHOTO

ઉમેદવારનું પુરૂ નામ ..............................................

કચ્છમાં ગામ ..............................................

દાદા ..............................................

નાનાણા ..................................ગામ ..................

જન્મ તા. ............ જન્મ સ્થળ ......................... જન્મ સમય ............

હાઈટ .................... વજન ...................... બ્લડ ગ્રુપ ....................

અભ્યાસ ..............................................

વ્યવસાય ..............................................

ઈ-મેલ : ..............................................

વિશેષ માહિતી : ..............................................

સંપર્ક નામ : .............................. ફોન નં : ..................................

નોંધ : જા.ખ.ની વિગત બોક્ષમાં યોગ્ય સાઈઝમાં છાપવામાં આવશે.

## નોકરી ખાલી છે / Job Opportunity

| | | | |
|---|---|---|---|
| કંપનીનું નામ | : | Company's Name | : |
| હોદ્દો | : | Post | : |
| સરનામું | : | Address | : |
| ફોન નં. | : | Phone No. | : |

## નોકરી જોઈએ છે / Job Needed

| | | | |
|---|---|---|---|
| ઉમેદવારનું નામ | : | Candidate's Name | : |
| અનુભવ | : | Experience | : |
| અપેક્ષિત પગાર | : | Expected Salary | : |
| સરનામું | : | Address | : |
| ફોન નં. | : | Phone No. | : |

# Yuva Samithi

સંચાલક : અંકિત એન. વોરા
૯૦૦૦૦ ૧૧૭૭૫

Jai Jinendra,

We take immense pride in sharing that our last event - The Sports Day on 17-12-2017 was truly a success. We thank each and every member who came and supported us !

We are all excited to present the next event, after two sporty event it is time to empower the youth.

We have come up in collaboration with international company - "Asentiv Worldwide" company, they use scientific technology like Biometric devices to counsel and tell you about *Your Fears*, your strengths, *your skills*, *your hidden talents*, *your career guidance*, *building confidence* etc. No astrology nothing- purely scientific technology with logical documents for your understanding.

Specially for the students who are looking forward for career guidance (Personal session), which course to choose in studies, confidence issues, public speaking issue - this session will help you get empowered. It is totally dedicated to the youth and their betterment.

The session will be helpful for children from 12 years and above. Parents and relatives are most welcome to join to understand what is missing and what is prevailing in your child and how to celebrate it.

The representatives of the company will be explaining the technology to all and we invite you for the event.

We also have a chance for the youth to show case their talent, as we have a "Drama" being done by the youth before the session. If in case you are interested to participate and rock the stage with your acting skills pls do participate. Age limit 14-24 yrs only. We will be holding the auditions and contact Ankit Vora - 90000 11775 for further details.

The event will take place on 11-3-2018 from 5.00pm to 7.00 pm followed by Alpahaar.

There is no registration fee for this event.

We are sure about your support for this event as "The Youth is the hope of our better tomorrow" and it is our duty to make sure that our foundation is strong.

As a youth it is your privilege that the samaj has taken another step towards empowering you, so be present in huge numbers.

Lets learn and grow together!

**DATE : 11-3-2018, TIME : 5PM TO 7PM FOLLOWED BY ALPAHAAR,**
**VENUE : KUTCHI BHAVAN**

# Kutchhi Cricket Club, Hyderabad

Gaurav CUP

## KPL-8

KUTCHHI PREMIER LEAGUE

## SUPER SUCCESSFUL.. THANK YOU !!

MAIN SPONSOR

Gaurav CATERERS

Smt.LATABEN MANIKANT MOMAYA

CO-SPONSOR

TeamWork — Sri.TEJAS HARISH GALA

enterpi SOFTWARE SOLUTIONS — Sri.TEJAS DEVCHAND SHAH

TEAM SPONSORS

Shanti Ke Sitare — M/s Shanti Group of shops

Raj Royals — Smt.Shaili Manthan Shah

Shanti ke Sahenshah — M/s Shree Shanti Supplies

M/s. Bijal Sada

marc masters — M/s Kalpana Trading Co.

Chandan Champs — M/s Shree Chandan Corporation

Vishal Warriors — M/s Vishal Cutpiece Centre

Rishmita 9 Rangers — M/s Rishmita 9

Pashva Patriots — Shri. Popatlal Keshavji Chheda

Sachin ke Sachin — Sanghvi Parivar

| Here the results: | Team | Owned by |
|---|---|---|
| WINNERS | RAJ ROYALS | Sri Raj Jewellery<br>Smt. Shaili Manthan Shah |
| RUNNERS-UP | VISHAL WARRIORS | Vishal Cutpiece Centre<br>Shri Bharat Gala |

(જી.એમ.)

- BEST BATSMAN - **JINESH HENIA**
- BEST BOWLER - **HARDIK GADA**
- BEST BATTER (FEMALE) – **HETVEE GOSAR**
- BEST BOWLER (FEMALE) – **NISHA KAKRECHA**
- FAIR PLAY AWARD – **TEAM VISHAL WARRIORS**
- BEST SUB-JUNIOR – **MEGH KARANI**
- BEST SENIOR PLAYER – **RITESH DHAROD**
- BEST ALL ROUNDER – **SUMIT SHAH**

## Banner Sponsors

- DEEPEE TRANSPORT CO
- PADMAVATI ENTERPRISES
- GOLDEN ENTERPRISES
- RAJSHREE DRY FRUITS
- AARYA
- M H ENTERPRISES
- MR. BIGSHOT
- HOMEWORKZ
- LALIT ELECTRONICS
- AARTEE COLLECTION
- LEO PACKERS & MOVERS PVT LTD
- SHREE KESAR TRADING COMPANY
- VICTORY FOREX & TRAVEL SERVICES PVT LTD
- ARIHANT READYMADE GARMENTS & TEXTILES
- RAM BHAROSE DRY FRUIT
- DEEPAK TRANSPORT
- SHANTINATH GRANITE WORLD
- KIDS ZONE
- DRESS LAND
- GO COLORS
- JILL APPAREL
- BOMBAY DRESSES
- SAMIR AGENCIES
- SHUBHAM XCLUSIVE
- NAVRANG

A Big Thank You to all of you for joining & making Gaurav Cup Kpl-8 the most successful & memorable event. More than 900 people witnessed history being created as team RAJ ROYALS owned by Smt. Shaili Manthan Shah lifted the most desired trophy of GAURAV CUP KPL-8 , against the equally deserving Runners-up team VISHAL WARRIORS owned by Shri Bharat Bhai Gala.

Team KCC thanks the Lead Sponsor Smt. Lataben Manikant Momaya parivar for their support. We also Thank Shri Tejas Harish Gala & Shri Tejas Devchand Gangar, and all the Team Sponsors & Banner Sponsors from the bottom of our hearts,
Team KCC also recognizes the contribution of Shri Laxman Bhai of Tara Caterers, Smt. Bharti Nagada of Aakar Decorators, the management of HVS School, our Creative Designer Shri Jonty Deepak Rana & Shri Darshan Parekh, and the backbone of all our technical visual presentation right from auditions to Live scores update Shri Tejas Devchand Gangar.

(જા.ખ.)

**Kutchi Oswal** MUTUALLY AIDED CO-OPERATIVE CREDIT SOCIETY LTD

Regd. No. AMC/HYD/(4)/96/13

Regd. Office : 101, S.V. Fortune, 3-5-43/A, Eden Garden, Ramkote, Hyderabad - 500 001
Ph : 6455 6563, 2475 2185

# ગ્રુપ મેડિક્લેઈમ યોજના

વ્હાલા સભ્યો,

આપણી સોસાયટી દ્વારા સંચાલિત ગ્રુપ મેડિક્લેઈમ પોલીસીની રિનીયુલ તા. ૮–૨–૨૦૧૮ (ગુરૂવાર) થી તા. ૨૨–૨–૨૦૧૮ (ગુરૂવાર) સુધી સોસાયટીનાં કાર્યાલયમાં કરવામાં આવશે.

આ યોજના ફક્ત હૈદ્રાબાદમાં વસવાટ કરતા સોસાયટીના સભ્યો માટેજ છે. યોજનામાં ભાગ લેવાની ઈચ્છા ધરાવતા સભ્યોએ સોસાયટીનાં કાર્યાલયથી જોઈતી માહિતી પ્રાપ્ત કરવા વિનંતી.

તા. ૨૨–૨–૨૦૧૮ બાદ કોઈ પણ અરજીનો સ્વીકાર કરવામાં આવશે નહિ.

**સુશીલ ધિરજલાલ કાપડિયા**
મેનેજીંગ ડાયરેક્ટર

# GROUP MEDICAL SCHEME

Dear Members,

The renewal of Group Medical Scheme for members residing in Hyderabad only will start from 8-2-2018 (Thursday) to 22-2-2018 (Thursday).

Members willing to join the scheme are requested to contact society office for details.

NO REQUEST WILL BE ACCEPTED AFTER 22-2-2018

OUR LOAN INTEREST RATES

| | |
|---|---|
| Regular Loan | - upto 3 Lakhs 9.5% above 3 Lakhs - 10.5% |
| Property Loan | - 9.65% (5 Years to 15 Years) |
| Vehicle Loan | - 2 Wheelers 8% 3 & 4 Wheelers 8.5% |
| Working Captial Loan | - upto 10 Lakhs - 9.5% above 10 Lakhs - 10.5% |

**SUSHIL DHIRAJLAL KAPADIA**
Managing Director

(જા.ખ.)

# વિવિધા

## "Whats App" થકી સંબંધો સચવાય છે, વગોવાય પણ છે

'અજ્ઞાની' મહેન્દ્ર વોરા

આજે આપણે વાત કરીશું મોબાઈલ (સ્માર્ટફોન)માં મળતી વાટ્સએપ, ફેસબુક જેવી સગવડોની. એકબીજા ને સંદેશા આપવા અથવા ઓડીયો-વિડીયો માટે આનો ઉપયોગ બેહદ્ વધી ગયો છે, વાત કરવાનો ટાઈમ નથી. તો ચાલો આપણા ગ્રુપમાં એક વોટ્સપ જેના થકી જે પણ આપણો ફેમીલી ગ્રુપ છે અથવા ફ્રેન્ડસનો ગ્રુપ છે બધાને એક સાથે જાણ કરી શકાશે કઈ પણ ફંક્શનો હોય બર્ડ ડે પાર્ટી, મેરેજ ડે, કીટી પાર્ટી આવી કંઈ પણ જાણ કરવી હોય તો બેત્રણ દિવસ પહેલાં વોટ્સપ દ્વારા આમંત્રણ આપી દેવાય છે, એ સિવાય કંઈ પણ નવા સમાચારો મળ્યા હોય, સારા નરસા બનાવો બન્યા હોય તેનો વિડિયો પણ એકબીજાને ફોરવર્ડ કરી દેવાય છે. કેટલી સગવડ હાથ વગી થઈ ગઈ છે, લગ્નો, સમારંભો, ધાર્મિક અનુષ્ઠાનો, સંસ્કૃતિક કાર્યક્રમો, મહાનુભાવના પ્રવચનો બધુજ હાથમાં પડદા પર જોવા મળી જાય છે ને આપણને પણ સંતોષ થાય છે. કે આપણે બધી રીતે વાકેફ છીએ.

સરેરાશ ઓછાંમાં ઓછો અડધોથી પોણો કલાક દરેક વ્યક્તિનો આ કામ પાછળ જાય છે, વધુમાં વધુ સમયની તો કોઈ મર્યાદા નથી. ઘણા તો જ્યારે જુઓ ત્યારે આજ પ્રવૃત્તિમાં જ હોય છે, ઘણા શોખીનો તો વ્યવસ્થિત તૈયાર થાય તે સાથે સેલ્ફી પાડી ને બધે ફોટા મોકલાવે છે.

ક્યાંક લગ્ન પ્રસંગોમાં જાય તો ત્યાંની સજાવટો પાસે ઉભા રહી ને ફોટા પાડે ને ફોરવર્ડ કરે... આપણે ફોટા જોઈને ક્યાં ના ફોટા હશે ? એ વશે કલ્પનાના ઘોડા દોડાવે રાખવાના..

એક કિસ્સો યાદ આવ્યો. જુના દોસ્તને ઘણા વર્ષો પછી અચાનક મુંબઈમાં મળવાનું થયું, ઘેર તો જરૂર આવવાનું જ છે. બીજા દિવસે થોડી અવકાશ મળતાં એને ફોન કરીને મળવા ગયો. દોસ્તારે જ દરવાજો ખોલ્યો. કેમ કંઈ અવાજ નથી ભાભીને છોકરા ઘેર નથી કે ? ના રે બધા અહીં છે આજે તો રજા છે ને વળી સવારમાં ક્યાં જાય, અંદર હોલમાં જોયું તો એની પત્ની તથા પુત્ર-પુત્રી ત્રણે મોબાઈલમાં વ્યસ્ત હતા, પત્નીએ 'આવ્યા' જેવું ટુંકું ને ટચ પુછયું, બંને બાળકો તો ઉભા થઈને બેડરૂમમાં ચાલ્યા ગયા... દોસ્તે, કહું છું જરા પાણી તો આપ. પત્ની, આપું બસ બે મિનીટ. પાંચક મીનિટ વિતી ગઈ, અમે તો બન્ને જુની વાતો એ વળગ્યા. પછી મેડમ ઉઠ્યા ત્યાં મોબાઈલની ઘંટી વાગી. બ્હેન રસોડાની બદલે બાલ્કની માં ચાલ્યા ગયા, ભાઈ જાતે પાણી લેવા અંદર ગયા તે દરમ્યાન મેં મેડમની ત્રુટક વાતો સાંભળી જેનો સાર કંઈક આમ હતો એમની કોઈ સહેલી એના પતિ જોડે સજીધજી ને મોટી કાર પાસે સેલ્ફી લઈને આ મેડમને મોકલાવેલ જેની ચર્ચા ઈ બીજી સહેલી સાથે કરી રહી હતી ત્યારે પેલીએ ફોડ પાડ્યો કે એ તો કોઈ બીજાની કાર હશે ત્યાં ઉભીને ફોટો પાડ્યો હશે, વગેરે વગેરે. સોરી કહેતી અંદર આવી ને કહ્યું અરે ભાઈ કેમ છો ? હવે જમીને જ જજો કહી વળી ફોનના ડબલામાં વ્યસ્ત થઈ ગઈ. અડધા કલાક સુધીતો



## લગ્નની ૪૫મી વર્ષગાંઠ

શ્રીમતી વાસંતી વાસુદેવ પરમારના ૧૭-૨-૨૦૧૮ ના લગ્નના
૪૫ વર્ષ પૂરા થાય છે. હાર્દિક અભિનંદન શુભ કામનાઓ સહીત...
નીતા-નવિન છેડા (દિકરી જમાઈ), યોગેશ-કાન્તી પરમાર (દિકરો વહુ),
મીના-મેહુલ કુરીયા (દિકરી જમાઈ), મુકેશ-વનીતા પરમાર (દિકરો વહુ)

(જા.ખ.)

---

(જા.ખ.)

## લગ્નની ૪૫મી વર્ષગાંઠ



શ્રીમતી વાસંતી અને શ્રી વાસુદેવભાઈ પરમારને લગ્નની ૪૫મી વર્ષગાંઠ પ્રસંગે

*હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ...*

લવ ફૉર કાઊ ફાઉન્ડેશન   પ્રાણિ મિત્ર રમેશ જાગીરદાર મેમોરિયલ ફાઉન્ડેશન
જસમત નાનજીભાઈ પટેલ   રિદ્ધીશ રમેશ જાગીરદાર

---





વૈદિક, જૈન પદ્ધતિથી લગ્ન વિધી, વાસ્તુ શાન્તિ, પિતૃદોષ, કાળસર્પ નિવારણ, સત્યનારાયણની પૂજા, રાંદલ (રન્નાદેવઈ) તેડવા, નડતા દરેક ગ્રહોની શાન્તિ, શ્રાધ્ધ, નાગ–નારાયણ બલી, દસમું, અગ્યારમું, બારમું, તેરમું વગેરે જન્મ કુંડી અને ફળાદેશ, આર્થિક, માનસિક, શારીરિક ચિંતાના પ્રશ્નો માટે સંપર્ક કરો

**વિજયકુમાર શુકલા** ફોન : ૨૪૪૧ ૪૯૦૩, ૯૩૯૧૨ ૩૩૪૦૮
ફોન કરો ત્યારે આપનો ફોન નંબર તેમજ સરનામું જરૂર આપશો

(જા.ખ.)

---

Pradeep Sanghvi
9440 60 1669

Puneet Sanghvi
92465 22721

KIRAN electronics
Industrial Electronic Components
Email: hydkiranelec@yahoo.com,
www.kiranelectronicshyd.com
040-2475 0656
9, Royal Plaza, 4-4-933, Opp H. V. S. School, Sultan Bazar, Hyderabad - 500 095.

Kirti Sanghvi
93470 52965

Bhupesh Sanghvi
9440 50 3636

SANGHVI BROTHERS
Industrial Electronic Components & Tools
www.sanghvibrothershyd.com
040-2475 2518
4-3-267, Bank Street, Gujarati School Lane, Hyderabad - 500 095.

(જા.ખ.)

* PLA * AMPTEK * ELCOM * GILARD * OEN *
* PANKAJ * RUTTONSHA * PROTECTRON *

* CALONIX * SOLDRON * BEL * SOYNIA * FLUKE *
* MASTECH * MAXINE * MULTITEC * TAPARIA *

---

**Pick up & Drop**

# CHERIAN NATIONAL

## Motor Driving School (ESTD. 1962)

CONTACT : 5-9-169/4, Nampally, Chapel Road,
Hyderabad **Cell : 98495 84518**

(જા.ખ.૬-૨૦૧૬)

---

**20 Days Medicine only Rs. 499/-**

## AYURVEDIC (WEIGHT-LOSS) MEDICINE

Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.

- AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-
- AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-

**Ph : 9395347264, 9392418463, 040-27564183**

(જા.ખ.)

પાણીએ ન પાયું તે જમવા રોકાઉ તો મારી તો ટ્રેઈન છુટી જાય. દોસ્તને આવજો કહેતાં તે ગળગળો થઈ ગયો, હું પણ સ્થિતિ જોઈને ત્યાંથી નિકળી ગયો, બચપનની કેટલી બધી યાદો તાજી કરવી હતી પણ મનની મનમાં રહી ગઈ.

કેવું લાગે ? સામે પ્રત્યક્ષ બેઠા હોય તે બાધાની જેમ જોયા કરે ને જે દૂર છે તેની જોડે ચેટીંગ ચાલતું હોય, કામમાં ધ્યાન ન રહે સમય વેડફાતો જાય, સંતાનો ને હુંફ ન મળે ને એજ વાતો ફલાણા ને મેં લગ્નના વીશ કરેલા એણે તો રિપ્લાયમાં થેંક્યું પણ ન કહ્યું હવેથી હું પણ નહી કરૂં. હું કઈ નવરો કે નવરી નથી. આવા વિચારોથી મન ખીન્ન થઈ જાય, તે સંબંધોમાં અજાણતાંજ તિરાડો પડતી જાય. ક્યારે વિચારતા નથી કે એને કદાચ ટાઈમ નહીં મળ્યું હોય અથવા વોટ્સપ નહીં જોયું હોય, વળી ઘણી વાર એમ થાય કે ફોનમાં જ સીધી વાત કરી લઈશ ને પછી ભુલાઈ ગયું હોય, કેટલાક લોકો તો સવાર થાય ને મંડી પડે ગુડમોર્નિંગથી ને સારા સુવિચારો સુફીયાણી વાતોથી જે કદાચ ટાઈમ મળતા ઠેઠ રાત્રે વાંચીએ વળી ઘણા બોગસ વિડીયો આવે છે ને ખોટી અફવાવો ફેલાવે છે. અશ્લિલ પણ એમાંથી બાકાત નથી. ઉપયોગ કરતાં ગેર ઉપયોગ વધતો જાય છે જેના કારણે ગેરસમજો ઉભી થાય છે.

છેલ્લે, વડિલો મિત્રો તમારાં સંતાનોને જરૂરથી આવી સમજ આપશો કે આપસના સંબંધોને ક્યારે પણ વોટ્સપના માધ્યમથી નહીં મુલવતા, શક્ય હોય તો ને સામી વ્યક્તિ નજીક હોય તો એમની સાથે રૂબરૂ સંવાદ જરૂર કરશો કારણ કે વાત સાથે એમની આંખોમાં લાગણી પણ જરૂર જોવા મળશે.


**CA. DIPTI CHHEDA'S**

# CONCEPT CLASSES

**CONCEPTUAL TEACHING – A WAY TOWARDS EXCELLENCE**

- **IPCC GROUP- 1 BATCH FOR MAY 2018 STARTING ON 29.1.2018**
- **IPCC GROUP- 2 BATCH FOR MAY 2018 STARTING ON 1.2.2018**
- **ONLY TEST SERIES WITH WEEKLY PAPER DISCUSSIONS FROM 1.2.2018**
- **SPECIAL BATCH FOR GST & TAX UPDATES FOR MAY 2018 EXAM.**
- **REVISION BATCH FOR CA FINAL LAW & AUDIT WITH FLOWCHARTS BY CA, CS LAKSHMI (RANKHOLDER IN CS)**

- Daily home work checking.
- Weekly chapter wise class test with detailed suggested answers.
- 25 students per batch On first come first basis.
- Booster test series before exam with corrected paper discussion and suggested answers.
- Library & Reading room facility available.

**Contact: 9394393770**

**Address**: Concept classes, Opp.Agra sweets, Nallakunta OU road, Hyderabad.

**FOR EXAM ORIENTED UPDATES & ARTICLES JOIN DIPTI CHHEDA'S CONCEPT CLASSES PAGE**

(જા.ખ.)

*You are beautifuL... we just compliment it !*

Air Brush & HD Make-up

**abha** be gorgeous

Bridal Pre Bridal Services

by Bhavini Patel

**SALOON & MAKE-UP STUDIO**

SELF GROOMING COURSE | PROFESSIONAL MAKE-UP COURSE | PROFESSIONAL HAIR STYLE COURSE

3-4-58/2, Lingampally. Opp. Raghavendra Temple, Kachiguda,
Hyderabad - 500 027. Ph : 99081 83870 E-mail : bhavinipatel.abha@gmail.com
Monday to Saturday 11.00 am to 8.00 pm - Sunday Closed

(જા.ખ.)

**ALSO AVAILABLE BRIDAL JEWELLERY FOR RENT**



**R.S. BANDHANI HOUSE**

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ.)

# જીવન ચલને કા નામ

સંકલન : પંકજ વલ્લભજી સાવલા

વિવિધ પ્રકારની કસરત દ્વારા શરીરના અંગોનું લચીલા પણું જાળવી શકાય છે. કહેવાય છે કે ચાલવું શરીર માટે શ્રેષ્ઠ ગણાય છે. ચાલવાના ફાયદા પણ જાણી લઈએ : સવારના સમયે ચાલવા જવાના અનેક ફાયદા છે. સૂર્યોદય થયો હોવાથી સવારના વાતાવરણમાં એક પ્રકારની તાજગી છવાયેલી હોય છે. સવારના સમયે વાતાવરણ શાંત હોવાને કારણે આપના મનને પણ શાંતિ મળે છે. પક્ષીઓનો મીઠો કલરવ પણ ધ્યાનથી સાંભળશો તો મનને તાજગી આપે છે. સવારના સમયે ચાલવાથી દિવસભર આપ તાજગી અનુભવી શકો છો. દિવસ દરમિયાન સતત કામ કરીને થાકી ગયા હો તો ૧૦–૧૫ મિનિટનો વીરામ લઈને ચાલવા નીકળી જવાથી તાજગી અનુભવાય છે. ચાલવાથી માનસિક તાણ પણ ઓછી થાય છે. સ્નાયુઓ અને હાડકાં મજબૂત બને છે.

**લાંબા આયુષ્ય માટે ચાલવું જરૂરી :** ચાલવાને કારણે શરીરની સર્વ યંત્રણા ઉત્તમ રીતે કાર્ય કરવા લાગે છે. ચાલવાને કારણે રોગપ્રતિકારક શક્તિ વધે છે. કોઈ પણ કાર્ય નિયમિત કરવાથી તેમાં સરળતા રહે છે. તે જ પ્રમાણે નિયમિત ચાલવાથી તમારી વય પણ ઓછી દેખાય છે. નિમયિત ચાલવા જતી વ્યક્તિનું અચાનક મૃત્યુનું પ્રમાણ પણ ઘણું ઓછું જોવા મળે છે.

**વજન વધતું નથી :** ચાલવાને કારણે શરીરના અંગોની કસરત થઈ જાય છે. શરીર અકારણ વધતું નથી. વજન વધી ગયું હોય તેઓ પણ જો નિયમિત ચાલવાનો પ્રયોગ કરી જુએ તો તેમનું વજન પણ ઘટવા લાગે છે. શરીરની ચયાપચયની ક્રિયા યોગ્ય રીતે કાર્ય કરવા લાગે છે. ચાલવાને કારણે શરીરમાં જમા થયેલા ચરબીના થર ઘટવા લાગે છે. તેની સાથે શરીરના સ્નુયુઓનું લચીલાપણું પણ જળવાઈ રહે છે.

**માનસિકતાણમાં ઘટાડો :** ચાલવાથી શરીરમાં પેદા થતા હાર્મોન્સ કાર્યરત બની જાય છે. શરીર તાજગી અનુભવવા લાગે છે. વધુ પડતા કામને કારણે જો માનસિક તાણ રહેતી હોય તેમણે અડધો કલાક માટે પણ ચાલવા જવું. સતત તાણને કારણે વ્યક્તિના મનમાં નકારાત્મક વિચારોનું સામ્રાજ્ય વધવા લાગે છે. ચાલવાને કારણે તન–મન તરોતાજા બની જાય છે. માનસિક તાણ ઘટવાને કારણે મન આનંદિત બની જાય છે.

આપ જ્યારે ચાલવા માટે બહાર નીકળો તેની સાથે ઝડપી ચાલવાનું ટાળવું. પહેલાં થોડી મિનિટ માટે ધીમે ધીમે ચાલવું, ત્યારબાદ ઝડપ વધારતા જવી. પગમાં યોગ્ય શૂઝ પહેરવા પણ જરૂરી છે. જેથી ઝડપી ચાલવાને કારણે પગના સ્નાયુઓને ઈજા ન પહોંચે. ચાલતી વખતે ઊંડા શ્વાસ લેવા, જેથી તાણમાં ઘટાડો થશે. ચાલવાનું પુરૂં થવા આવે તે સમયે પણ થોડી મિનિટો માટે ધીમે ધીમે ચાલો. આથી શરીરના વિવિધ અંગોને આરામ મળી રહે.


## FLAT FOR SALE

**2 BHK measuring 1105 sft, 1 Car Parking,**
**Partly furnished 2 years old, currently tanented situated at Maruthi Nagar Chaitanyapuri Near Jain Temple, Interested parties**

**Please contact 99897 80874**

(જા.ખ.)

# શુધ્ધ ઘીની ઘરમાં બનાવેલ મિઠાઈ

મગદરીયા લાડુ (પાંચ ધાન્યના)
ફીણીયા લાડુ
નાચણી (રાગી), ખજૂર લાડુ (સુગર ફ્રી)
અલશી મખાના લાડુ (કેલશિયમ-વિટામીનથી ભરપુર)
ડ્રાયફ્રૂટ લાડુ (ઘઉંના)
ઓટસ મખાના લાડુ
ગોળ પાપડી
ગોળીયા લાડુ
અડદિયા પાક (શિયાળુ પાક)
કોકોનેટ બિસ્કીટ
સાંગલીના ભડંગ
શીંગદાણાની ચટણી
સિકંદરના ખારી સીંગ
સિકંદરના ચણા
ફાર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદર

સ્પેશીયલ
અડદિયાપાક
સ્પેશીયલ
ખજુર પાક

**સ્પેશીયલ ખાખરા : મસાલા ખાખરા મેથી મસાલા ખાખરા ચોરાફળી ખાખરા સાદા ખાખરા, ઘી ખાખરા**

*Contact :* **PRAVIN K. CHHEDA**

102, Uma Residency, Near Jineshwardham,
Kachiguda, Hyderabad. (R) Ph : 2755 2939

**PRAVIN CHHEDA**

**89857 59320, 82477 89295**

(જા.ખ.)

# યાદ શક્તિ કેમ વધારશો

**રમેશભાઈ શાહ**

મારા ચશ્મા ક્યાં રાખ્યા છે ? મારી પર્સ ક્યાં છે, ખબર છે ? વડિલોનો આ કોમન પ્રોબ્લમ છે. ઉમર વધવાની સાતે મોટી ઉમરના લોકોની યાદશક્તિ ઓછી થતી જાય છે. કોઈ બાબત લાંબો સમય યાદ નથી રહેતી. આજ કાલતો ૪૦/૫૦ વર્ષની ઉમરની વ્યક્તિઓને પણ આ પ્રોબ્લમ જણાય છે. આવું બને ત્યારે જો ખોરાકમાં થોડી કાળજી રાખીને અને જરૂરી વિટામિન લઈએ તો યાદશક્તિ વધારી શકાય – કૈં નહીં તો વધારે વણસતી રોકી શકાય.

મોટી ઉમરના લોકોની યાદશક્તિ ઓછી થવામાં વિટામિન 'બી' ની ઊણપ મોટો ભાગ ભજવે છે. જેઓનું વિટામિન બી–૧૨ ઓછું હોય તેમને અમુક શબ્દો જલ્દી યાદ આવતા નથી. ઉપરાંત, વિટામિન બી–૯ (ફોલેટ) ઓછું હોય તેમની યાદશક્તિ ઓછી થઈ જાય છે. આથી જો વિટામિન બી–૯ અને વિટામિન બી–૧૨ બને લેવામાં આવે તો યાદશક્તિમાં સુધારો દેખાય છે.

ફોલેટ શોમાંથી મળે ? લીલા પાંદડા વાળા શાકભાજી (પાલક, મેથી) ફળ જેવા કે નારંગી, સુકા બીન્સ વટાણા વગેરેમાંથી ફોલેટ મળે છે. બીજાું જ્યારે શરીરને પૂરતા પ્રમાણમાં વિટામિન બી–૧૨ નથી મળતું ત્યારે પણ યાદશક્તિ ઓછી થતી જાય છે. દુધ, અને દૂધ માંથી બનતી વાનગીઓમાંથી વિટામીન બી મળી રહે છે.

## બ્રીઈન પાવર વધારવા આટલું કરો

- જે ચીજ જ્યાં રાખતા હો તે જગ્યા મુકરર રાખો, જેમકે ચશ્મા ટેબલ ઉપર રાખતા હો તો તે હમેશા ત્યાંજ રાખવી.
- જે ડાયટ લ્યો તે ઉપર પુરંતુ ધ્યાન આપો, શરીર ઉપર મેદ ન થાય તેનું ખ્યાલ રાખવું, નિકોટિનથી દુર રહો
- જરૂરી કસરત કરવી જેથી બ્રેઈનમાં લોહી પહોંચે મેડિટેશન કરો
- ટેન્સનથી દુર રહો, પુરતી ઉંઘ લ્યો
- બ્રેઈનની કસરત કરો. ક્રોસ વર્ડ, સુડોકુ, ચેસ રમો ધર્મના સ્તોત્રો ગોખી યાદ કરો. લાંબા નંબરો યાદ કરવાની કોશિષ કરો, દાખલા તરીકે મોબાઈલ નંબરો.
- નવું નવું શીખવાનો પ્રયત્ન કરો. નવું શીખતા રહેવાથી મગજમાં નવા ટિશ્યુ બને છે. અને યાદશક્તિ વધે છે.
- અખરોટ ઓમેગા–૩ ફેટી એસિડ વધારે ધરાવે છે. તે ઉપરાંત દિવસ દરમ્યાન ફળ અને શાખભાજીનો ઉપયોગ વધારો – ખાસ કરીને પાલક અને જુદા જુદા રંગોવાળા શાકભાજી જે એન્ટિ ઓક્સિડેન્ટ છે અને ઈમ્યુન સીસ્ટમ માટે જરૂરી છે.
- ખુબ હસો હસતા જ રહો. તેનાથી તમારો મૂડ સારો રહેશે અને મગજ પણ શાંત રહેશે.

For Bulk SMS, Multi Colour Stickers for Marriage
LOGO Designing, Broucher & Souvenir Printing
CHANDRAPRABHA GRAPHICS
Paras Ramesh Jagirdar 66680780, 40047999, 99499 81999



પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઈટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-29674007/8/09

# ITS A QUIZ TIME

..?! ..?! ..?! ..?!

Ramesh M. Shah
M : 94409 96652

Answers to the last Month's Quiz

૧) દુરથી ડુંગર રડિયામણા

૨) મન હોય તો માળવે જવાય

૩) મારૂ, મારૂ આગવું ને તારૂ મારૂ સહિયારૂ

૪) નમે તે સૌને ગમે

૫) સો સોનાર કી, એક લુહાર કી

૬) નામ મોટા, દર્શન ખોટા

૭) A BIRD in hand in worth two in the bush.

૮) A wolf in SHEEP'S clothing.

૯) The PEN is mightier than the sword.

૧૦) Fortune FAVOURS the bold.

૧૧) No MAN is an island.

૧૨) People living in GLASS houses should not throw stones on others.

The persons who have given correct answers are :

Aruna shah
Aarti Nitin Satra
Bhavika Vora
Chaitali Shah
Dhanvi Arun Mota
Femi Gada
Heena Vijay Dedhia
Jyoti L. Nagda
Koval Savla
Kunjal Rakesh Gala
Lata Manikant Momaya
Mittal Piyush Shah
Neena Dharod
Susheela Kapadia
Sonal Piyush Gosar
Vandana Haria
Vaishali Kumar Dedhia
Vandana Rana

## QUIZ FOR THE MONTH :

GHMC is making attempts to make our Hyderabad Clean and Green. They have taken an initiative to see that the household Wastle is segregated into DRY and WET Waste. Wet waste can easily be converted into "Organic Compost" most needed for farming and gardening. Dry Waste can be recycled for productive use.

Do you know what is DRY Waste and what is WET Waste ? Let us see..

Following is the list of our daily household Waste. Identify them as wet or DRY by giving W or D

Can send your answers by Whatsup to the above mobile number giving serial number and giving W or D against it. for Eg. 1 - D

1) Newspaper and bits of Papers

2) Biscuit Wrappers, Chips, Flour etc.

3) Leftover food

4) Milk and Oil Packets carry Bags.

5) Fruit & Vegetable ..

6) Empty Cardboard boxes.

7) Empty metal items like cool drink cans and other similar tin cans

8) Tea and coffee waste

9) Dry Leaves and Flowers.

10) Waste from House Sweeping.

11) Slippers, Shoes, Hand Bags

12) Tooth Brush, Tooth Paste Tubes.



શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)
૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન : ૦૪૦-૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫
સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫, પ્રચાર સંયોજક : રિદ્ધીશ રમેશ જાગીરદાર

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. તથા હર મહિનાના બીજા રવિવારે કાચીગુડાથી શ્રી મેડચલ તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો રૂા. ૫૦/- વ્યક્તિ દિઠ તથા બસના લાભાર્થીનો નકરો રૂા. ૫૧૦૦/- છે. આવા સુંદર આયોજનનો લાભ લેવા આગ્રહ ભરી વિનંતી છે તથા બીજાઓને પણ અનુમોદીત કરશોજી.

આંધ્રપ્રદેશના જૈન તીર્થોની પંચતીર્થી માટે પુરતા યાત્રાળુઓના નામ ન આવતા હાલ આ આયોજન મુલતવી રાખવામાં આવેલ છે. ભવિષ્યમાં જ્યારે પણ નક્કી થશે ત્યારે જણાવવામાં આવશે. ત્યારે મોટી સંખ્યામાં જરૂરથી લાભલેશો.

શ્રી સંઘ દ્વારા આયોજીત મહા મંગલકારી નવકાર મહામંત્ર જાપ હરીફાઈ નો મોટા પ્રમાણમાં પ્રતિસાદ મળેલ છે. અને સ્પર્ધકોએ પોતાના અંતરના પ્રતિભાવ ઉત્કૃષ્ટ રીતે પ્રદર્શિત કરેલ છે. ચકાસણી માટે મોકલવામાં આવેલ છે. નિર્ણય આવતાની સાથે જાહેર કરવામાં આવશે.

શ્રી સંઘની સામે અનેકા અનેક મોટી મોટી યોજનાઓ છે. આપ સર્વે ભાવિકોનો સાથ હશે તો એ દિવસ દુર નથી જ્યારે બધી યોજનાઓને મુર્ત સર્વરૂપ આપી શકાશે.

**શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :**

## માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી
## રામજી રવજી સોજપાલ ગાલા પરિવાર,

**ગામ મોટા લાયજા-કચ્છ, હાલ સાયન-મુંબઈ**

**હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર**

(જા.ખ.)